જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૭૩/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩ | ૪,૫૬,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૬/૨૦૨૩**

**સેટેલાઇટઃ** જયદીપભાઇ ભીમજીભાઇ નાકરાણી (ઉ.વ.૩૬)(રહે.સહજાનંદ રેસીડેન્સી હેલ્મેટ ક્રોસ રોડ મેમનગર) એ તા.૧૧/૦૧/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ રત્નાકર નાઇન સ્કવેર “યુરોવે એકેડમી” નામની ઓફિસ ખાતે આરોપી પારસ રાણા તથા દુષ્યંત રાણા (બંને રહે, મેપલ ટ્રી રેસિડન્સિ, સુરધારા સર્કલ, થલતેજ) એ ભેગામળી જયદીપભાઇને બલ્ગેરીયા તથા યુ.કે.ના વિઝા અપાવવાનો વિશ્વાસ અપાવી તેમની પાસેથી બલ્ગેરીયા તેમજ યુ.કે.ના વિઝા કરાવવા સારૂ કુલ રૂપિયા ૧૩,૫૦,૦૦૦/- મેળવી લઇ વિઝા કે આપેલ રૂપિયા પરત નહી આપી જયદિપભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૭/૨૦૨૩**

**રામોલઃ** હુકમસિંગ મેવારામ પાલ (રહે.સાનીધ્યપાર્ક સોસાયટી વિનાયક પાર્કની બાજુમાં આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ તા.૧૧/૦૧/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી તા.૧૦/૦૧/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૩,૩૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૮/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** અમિતકુમાર કિશોરીપ્રસાદ ગોયલ (રહે.શ્રીક્રિષ્ણા એપાર્ટમેન્ટ, પ્રેસ્ટીઝ ટાવર સામે જજીસ બંગલા રોડ બોડકદેવ) એ તા.૧૧/૦૧/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૩ સવારના ૯/૦૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૯/૨૦૨૩**

**નારોલઃ** પીન્કીબહેન વા/ઓ બાલમુકુન્દ વૈષ્ણવ (ઉ.વ.૨૬)(રહે.ગોકુલનગર કોમલ ફેક્ટરીની સામે મોતીપુરા રોડ નારોલ) તા.૦૨/૦૧/૨૦૨૩ સવારના ૯/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ગેસ લાઇટરથી ચાલુ કરતા ભડકો થતા પીન્કીબહેન દાઝી ગયા હતા. સારવાર માતે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૧/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ઘાસુરા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૦/૨૦૨૩**

**“ઇ” ડીવીજન ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ** લીલાબહેન પુનમચન્દ્ર સોલંકી (ઉ.વ.૬૫) તા.૧૧/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે અરવિંદમીલ સામે બી.આર.ટી.એસ. કોરીડોર ખાતે રસ્તો ક્રોસ કરતા હતાં ત્યારે ઓટો રિક્ષા નંબર જીજે ૦૧ ટીડી ૧૪૪૯ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા લીલાબહેન સોલંકીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર લીલાબહેન સોલંકીની પુત્રી પારુલબહેન વા/ઓ હિતેન્દ્રભાઇ સોલંકી એ “ઇ” ડીવીજન ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.ફર્નાનડીસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૧/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** પ્રીતીબહેન રાજુભાઇ સેનમા (રહે.પ્રકાશનગર સોસાયટી, વિભાગ-૧ ચાંદલોડીયા બ્રીજ પાસે, ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૩ રાતના ૯/૦૦ પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ‘એ’ ડીવીઝન નાઓ ચલાવે છે.

**વટવાઃ** રેશમી નીગાર વા/ઓ મુસ્તકીમખાન ખાન (ઉ.વ.૨૫)(રહે.કુત્બેઆલમ કોલોની બેંક ઓફ ઇન્ડિયાવાળી ગલી શકુરી મસ્જીદની પાસે સૈયદવાડી) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** અમથાભાઇ માલજીભાઇ રબારી (ઉ.વ.૫૯)(રહે.નવી વસાહત રણછોડજીના મંદિર સામે જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી. પાછળ સીડી નંબર-૪૮ પાસે વોક-વે નજીક સાબરમતી નદીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઇ ચલાવે છે.

**માધવપુરાઃ** પ્રતાપભાઇ સોમાજી સોલંકી (ઉ.વ.૫૧)(રહે.બાવા બારકુલ્લાની ચાલી શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માતે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૧/૨૦૨૩ કલાક ૩/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

**શાહપુરઃ** શીલાબહેન વા/ઓ મુકેશભાઈ દંતાણી (ઉ.વ.૩૨)(રહે.રાયફલ કલબની બાજુમાં ખારીવાડીના છાપરા ખાનપુર શાહપુર)એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ પોતાના ઘરે અગમ્ય કારણસર ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માતે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૧/૨૦૨૩ કલાક ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.મેકવાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી